

# મનઃસ્થિતિ બદલો તો પરિસ્થિતિ બદલાશે

– શ્રીરામ શર્મા આચાર્ય

# મનઃસ્થિતિ બદલો, તો પરિસ્થિતિ બદલાશે

લેખક
પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક :
યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા.
ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯
ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન
શાખા અમદાવાદ
ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,
જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ-૨૦૧૧ કિંમત રૂા. ૬.૦૦

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | યુગધર્મનું પાલન અનિવાર્ય | ૩ |
| ૨. | ગરીબીનો અમીરી આડંબર | ૬ |
| ૩. | ત્રણેય ઉપવનો ફૂલશે, ફળશે અને આબાદ કરશે | ૧૦ |
| ૪. | દુરુપયોગ થાય ત્યાં અભાવ ક્યાંથી અટકે ? | ૧૪ |
| ૫. | સાધનો કરતાં સદ્ગુણોની જરૂર વધુ | ૧૮ |
| ૬. | ઉદારતા અપનાવવી જ રહી | ૨૧ |
| ૭. | મન બદલો તો પરિસ્થિતિ સ્વયં બદલાશે | ૨૫ |
| ૮. | પરિવર્તનનો ઉપાય શોધો | ૨૯ |

# યુગધર્મનું પાલન અનિવાર્ય

નાનાં બાળકોનાં કપડાં કિશોરોને બંધબેસતાં આવતાં નથી અને કિશોરો માટે બનાવેલાં કપડાં વડીલોને કામ આવતાં નથી. ઉંમર વધે તેમ તેમ પરિવર્તન પણ આવે છે અને તે જરૂરી પણ છે. ભોજન તાજું બનાવવું પડે છે. વિદ્યાર્થીઓ જેમ જેમ એક ધોરણમાંથી બીજા ધોરણમાં જાય છે તેમ તેમ નવા અભ્યાસક્રમ માટેનાં પુસ્તકો પણ ખરીદવાં પડે છે. શિયાળા અને ઉનાળા માટે કપડાં અલગ અલગ હોય છે. પરિવર્તનને અનુરૂપ વાતાવરણ બનાવી દેવું પડે છે. અનુકૂલન સાધવું અનિવાર્ય બની જાય છે.

સમય હંમેશાં એકસરખો હોતો નથી. તે બદલાતો રહે છે, એટલું જ નહીં આગળ પણ વધે છે. સમય પ્રમાણે ફેરફાર કરવા પડે છે. નવા નિયમો બનાવવા પડે છે. પુરાતનકાળમાં મનુષ્ય નગ્નાવસ્થામાં રહેતો હતો. ત્યાર પછીના સમયમાં વગર સીવેલાં કપડાં-ધોતી અને દુપટ્ટાનો ઉપયોગ થતો હતો. શરૂઆતમાં અણઘડ ઓજારોનો ઉપયોગ થતો હતો. મધ્યકાળમાં ધનુષ્ય-બાણ અને ઢાલ-તલવાર વગેરે શસ્ત્રોનો મુખ્યત્વે ઉપયોગ થતો હતો, પણ અત્યારે એ શસ્ત્રો બેકાર બની ગયાં છે. હવે તો 'અગ્નેયાસ્ત્ર'-બૉમ્બ વિના કામ ચાલતું જ નથી. સમય પ્રમાણે પરિસ્થિતિઓ બદલાતી રહે છે અને પરિસ્થિતિ મુજબ તેનું સમાધાન શોધવું પડતું હોય છે.

પ્રાચીનકાળની વર્ણાશ્રમ-વ્યવસ્થા મુજબ કરવામાં આવેલાં તમામ વર્ગીકરણો અત્યારે બદલાઈ ચૂક્યાં છે. તેની જગ્યાએ નવી વ્યવસ્થા અસ્તિત્વમાં આવી ગઈ છે. બસો વર્ષ પહેલાંનો પોશાક અત્યારે આપણને ક્યાંક સંગ્રહાલયમાં કે પ્રદર્શનમાં જ જોવા મળે છે. જયારે સાઇકલની શરૂઆત થઈ હતી ત્યારે આગળનું પૈડું મોટું અને પાછલું પૈડું ખૂબ જ નાનું હતું. અત્યારે તે હવે જોવા પણ મળતી નથી. પ્રાચીનતમ કાળમાં

કોદાળીથી જમીન ખોદીને ખેતી કરવામાં આવતી હશે, પણ આજે તો સુધરેલાં હળ-ઓજારો જ કામ આવે છે અને તે પશુઓ અથવા મશીનો વડે ચલાવવામાં આવે છે. લાકડું ઘસીને આગ ઉત્પન્ન કરવાની પ્રથા મધ્યકાળમાં હતી, પરંતુ આજે તો માચીસની શોધ થઈ જતાં જૂનીપુરાણી લાકડાં ઘસવાની કષ્ટસાધ્ય પ્રક્રિયા કોઈ જ અપનાવતું નથી.

વિકાસક્રમમાં આ પરિવર્તન અનાયાસે આવતું જ હોય છે. આ ક્રમને રોકી શકાય તેમ નથી. જે પરંપરાગત જૂની પ્રથાઓને પકડીને બેસી રહેશે તે માત્ર ખોટ જ ભોગવશે. એટલું જ નહીં, પણ હાસ્યાસ્પદ બનશે.

માન્યતાઓ, વિચારો, નિર્ણયો, કાર્યો વગેરે પણ સમયના પરિવર્તનથી પ્રભાવિત થયા વગર રહેતાં નથી. તેની સર્વથા ઉપેક્ષા કરી શકાય નહીં. ધર્મશાસ્ત્રોમાં પણ સમય મુજબ ફેરફાર થતા રહ્યા છે. સ્મૃતિઓ અને સૂત્ર ગ્રંથો પણ અલગ અલગ ઋષિઓએ પોતપોતાના સમયને અનુરૂપ લખ્યા છે અને જરૂરી ફેરફારો પણ કર્યા છે અને સમયાનુસાર એ સુધારાઓને લોકો માન્યતા આપતા રહ્યા છે. એનું કારણ રચયિતાઓમાં પરસ્પર વિવાદ કે વિગ્રહ નથી, પરંતુ બદલાતી પરિસ્થિતિ મુજબ ધાર્મિક પ્રચલનના સ્વરૂપમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

પ્રાચીન સમયમાં જમીનમાં ખાડો ખોદીને ગુફાઓ બનાવવામાં આવતી હતી. પાછળથી ઝૂંપડી બનાવવી વધારે સરળ અને સુવિધાજનક લાગી. આના પછી હવે તો જમીનમાં મુશ્કેલી ઊભી થતાં બહુમાળી મકાનો બનવા લાગ્યાં છે. ચૂનો અને લાકડાની જગ્યાએ હવે સિમેન્ટ અને લોખંડ વપરાય છે. લાકડાં અને છાણાંની મદદથી બળતણની જરૂરિયાત પૂરી કરવામાં આવતી હતી, પરંતુ હવે તો તે પૂરતા પ્રમાણમાં ન મળતાં, તેની જગ્યાએ કામ કરી શકે તેવાં પ્રવાહી ગૅસ અને અન્ય સાધનો શોધીને ઉપયોગમાં લેવામાં આવે છે. જ્યાં વીજળી ચૂલા છે ત્યાં વીજળીથી પણ કામ લેવામાં આવે છે. ખનીજ તેલનો પણ ઉપયોગ કરવામાં આવે

છે. અત્યારે તો સૂર્યના તાપનો પણ બળતણ તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ પરિવર્તનો થવા પાછળના મૂળ કારણમાં 'જરૂરિયાત એ આવિષ્કારની જનની છે' વાળી કહેવત છુપાયેલી છે.

સમય પાછો ફરતો નથી, તે સતત આગળ જ વધતો હોય છે. સમયની સાથે સાથે માન્યતા અને રિવાજોમાં પણ પરિવર્તન આવતું હોય છે. પહેલા દિવસે જે કંઈ માન્યું હોય અને કર્યું હોય એવું સદાય માનવું અને કરવું એવો આગ્રહ ભાગ્યે જ કોઈ રાખતું હોય છે. શું એવા દુરાગ્રહી લોકો વીજળીનો ઉપયોગ કરવાનું અને નળનું પાણી પીવાનું ત્યજી શકે તેમ છે ? શું એવા લોકો પૂર્વજોની જેમ તેમના ચીલે ગુફામાં રહેવાનું પસંદ કરશે ?

એક સમય એવો પણ હતો કે માટીનાં નળિયાં ઉપર લખવામાં આવતું હતું. પાછળથી ચામડું, ભોજપત્ર, તાડપત્ર વગેરેનો ઉપયોગ લેખનકાર્ય માટે થવા લાગ્યો. થોડોક સમય હાથની બનાવટના કાગળ વપરાવા લાગ્યા, પણ અત્યારે તો મિલોમાં બનાવવામાં આવતા કાગળો જ વપરાય છે. પહેલાં પુસ્તકો હાથથી લખવામાં આવતાં. નકલ પણ હાથ વડે જ થતી અને તે લાંબા સમય સુધી ચાલતી, પણ આજે છાપકામની સરળ અને સસ્તી સગવડ કોણ છોડી શકે તેમ છે ? પહેલાંના સમયમાં રેલ કે મોટરગાડીની સગવડો ન હતી, પણ આજે તો વાહનો વગર મુસાફરી જ થઈ શકતી નથી. ટપાલથી પત્રવ્યવહાર કરવાના બદલે ઘોડા ઉપર બેસીને લાંબા અંતર સુધી સંદેશો પહોંચાડવાની પ્રથા તદ્દન બંધ થઈ ગઈ છે.

પરિવર્તનની સાથે જોડાયેલાં નવાં સાધનોની જરૂરિયાત એટલી તો અનિવાર્ય બની ગઈ છે કે તેને અપનાવવાની કોઈ આનાકાની કરી શકે તેમ નથી. ઘડિયાળનો ઉપયોગ કરવાનું ભાગ્યે જ કોઈ ટાળતું હોય છે. સમય દરેકને ટકોરો મારે છે, એટલું જ નહિ બાધિત પણ કરે છે કે યુગધર્મને દરેક જણ ઓળખે અને તેને અપનાવવામાં કોઈ આનાકાની

ન કરે. સનાતન ધર્મ, નીતિ-નિષ્ઠા તથા સમાજનિષ્ઠા તો શાશ્વત હોઈ શકે છે પણ રીતરિવાજો, ક્રિયાકલાપો તથા સાધનો વગેરે પ્રચલિત નિયમોની બાબતમાં દુરાગ્રહ અપનાવવાથી કામ ચાલતું નથી. છતાં આજે એવા કેટલાક હઠવાદી અને પુરાતન પરિપાટીના ભક્તો વિદ્યમાન છે જ, પણ તેઓ પોતાના સિવાય અન્યને આના માટે સહમત કરી શકતા નથી. લકીરના ફકીર બનીને રહેવાનું મનાવી શકતા નથી. પુરાતનકાળમાં જે કંઈ ચાલતું હતું તે પ્રમાણે આજે ચલાવવામાં આવે અથવા વર્તવામાં આવે તો તે અધર્મ કહેવાશે અને આવું કરનાર પાપી ગણાશે.

કોઈ પણ સારી અથવા ખરાબ પ્રથાને પોતાના પૂર્વજોની પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવીને તેના પર ચોંટી તો રહી શકાય છે, પણ એમાં બુદ્ધિમત્તા જરાય નથી. મનુષ્ય પ્રગતિશીલ રહ્યો છે અને રહેશે. તે સૃષ્ટિના આદિકાળથી લઈને આજ સુધી અનેક પરિવર્તનોમાંથી પસાર થઈને આજની સ્થિતિ સુધી પહોંચ્યો છે. આ ક્રમ ભવિષ્યમાં પણ ચાલુ જ રહેવાનો છે. જૂનું બધું જ સારું છે એવી હઠ પકડી રાખવી કોઈના માટે કોઈ પણ રીતે હિતકારક નથી. યુગધર્મને અપનાવીને જ મનુષ્ય આગળ વધી શક્યો છે અને ભવિષ્યમાં પણ તેના માટે તૈયાર રહેશે. સમયનો આ એક એવો તકાજો છે, જેની ના પાડી શકાય નહીં.

## ગરીબોનો અમીરી આડંબર

રોમના એક દાર્શનિકને ભારતની મહત્તા જોવાની ઇચ્છા થઈ. સમય અને પૈસા ખર્ચીને તેઓ ભારત આવ્યા. ભારતમાં બધે ફર્યા, પણ જ્યારે પાછા ફર્યા તો ઉદાસ હતા. સાથી મિત્રોએ પૂછ્યું તો બસ એટલું જ કહ્યું, "ભારતમાં જ્યાં વધુ ગરીબ લોકો રહે છે, પણ તેઓ દ્વારા અમીરો જેવો ડોળ કરવામાં આવે છે"-આવું જ કથન એક જાપાની શિષ્ટમંડળનું પણ છે. ભારતમાં ફર્યા પછી એમણે કહ્યું હતું, અહીં અમીરીનું વાતાવરણ છે, પરંતુ તેની છાયામાં ખૂબ જ પછાત અને ગરીબ લોકો રહે છે.

પ્રશ્ન એ થાય છે કે આવી મુશ્કેલી કેવી રીતે ઊભી થઈ ? અમીર લોકોમાં ત્યાં જે દુર્ગુણો જોવા મળે છે તે અહીં પ્રત્યેક વ્યક્તિમાં જોવા મળે છે. પ્રગતિશીલ લોકોમાં જે સદ્‌ગુણો હોવા જોઈએ તેનો અહીં સદંતર અભાવ છે. આ ખામીના કારણે ફક્ત ગરીબી જ નહીં, નિરક્ષરતા, ગંદકી તથા કામચોરી જેવી અનેક પછાતપણાની નિશાનીઓ ઘર કરી ગઈ છે. આ બધું બાહ્ય સંપત્તિના બળે દૂર નહીં થાય. જમીન ખુદ પોતે જ ઉપજાઉ ન હોય તો, ગમે તેટલું સારું બિયારણ નાખવાથી, સિંચાઈ કરવાથી અને રખેવાળી કરવાથી યોગ્ય પરિણામ પ્રાપ્ત કરી શકાશે નહીં.

મનુષ્યની વાસ્તવિક સંપદા તેનું પોતાનું વ્યક્તિત્વ છે. જો તે જીવન્ત હોય તો, તેમાં ખેતર અને બગીચાની જેમ પોતાને ન્યાલ કરનારા અને બીજાના મનને આનંદથી ભરી દેનાર સંપદાને પ્રચુર માત્રામાં પેદા કરી શકે છે, પણ પથ્થર ઉપર લીલોતરી કેવી રીતે ઊગે ? વ્યક્તિત્વ અનાયાસે ઘડાતું નથી. તે આજુબાજુથી જીવંત રહેવા માટે પ્રાણવાયુ ખેંચે છે. જ્યાં પ્રદૂષણ છવાયેલું હોય, ઝેરી વાયુ વ્યાપેલો હોય ત્યાં શ્વાસ લેવાનું પણ મુશ્કેલ થઈ જાય છે. લાંબા સમય સુધી જીવતા રહેવાનું તો શક્ય જ ક્યાંથી બને ? લાંબા સમય સુધી અશક્ત રહેનાર વ્યક્તિને ધીમે ધીમે અનેક પ્રકારની બીમારીઓ ઘેરી લે છે. એકની બીમારી સ્પર્શના કારણે બીજાને વળગે છે અને અંતે તંદુરસ્ત માણસને પણ પોતાના પંજામાં લઈ લે છે. લાંબા સમયની ગુલામી, મૂઢ માન્યતાઓ અને દુષ્પ્રવૃત્તિઓએ પોતાની જાળ 'જળકુંભી'ની જેમ ફેલાવી દીધી છે. દુષ્પ્રવૃત્તિઓની બાબતમાં પણ આવું જ છે. જો તેઓ નિર્બાધ ગતિએ વધતી જ રહી તો, કોઈ પણ સમાજને ખોખલો કર્યા વગર નહીં રહે.

દેશની ગરીબી વિખ્યાત છે. નિરક્ષરતા, ગંદકી તથા કુટેવો પણ જાહેર છે, પણ આ બાબતને સમજવા માટે થોડોક ગંભીર પ્રયત્ન કરવો પડશે કે ભારતમાં અમીરીનું પ્રદર્શન શા માટે કરવામાં આવે છે ? અહીંયાં અમીરોની સાથે જોડાયેલી અને ખાસ કરીને અમીરોમાં જોવા મળતી કાળી

બાજુને વિશેષ રૂપથી જોવી પડશે. જોકે અપવાદ પણ ઘણા હશે. અમીરી હંમેશાં અનિચ્છનીયતા જ જન્માવતી નથી. સદુપયોગ કરનારાઓ તો પોતાના માટે અને બીજાઓના માટે તેનો યોગ્ય લાભ લઈ લેતા હોય છે, પણ સામાન્ય લોકો માટે આવું કશું જ બનતું નથી.

આપણા દેશમાં મોટાઈનો અર્થ છે આળસ અને અપવ્યય. દુર્વ્યસનો આની સાથે જ જોડાયેલાં હોય છે. સામાન્યતઃ પરિશ્રમ કરવો એને આપણા દેશમાં દુર્ભાગ્યની નિશાની સમજવામાં આવે છે. રાજા, સામન્ત, જમીનદાર, અમીર-ઉમરાવ, સંત, મહંત સ્તરના લોકો મહેનત કરવામાં પોતાનું અપમાન સમજે છે. આવા લોકો તો પોતાની ખુદની સેવા માટે પણ બીજા પર આશ્રિત રહે છે. છોકરીને એવા ઘરમાં પરણાવવા રાજી હોય છે કે જ્યાં હીંચકા પર બેઠી બેઠી એશઆરામ કરે. જેને આખો દિવસ મહેનત કરવી પડતી હોય તેને દુઃખી સમજે છે. પ્રામાણિક અને ઈમાનદાર માણસને પણ હલકો એટલા માટે ગણવામાં આવે છે કે તે પરિશ્રમ કરે છે. અમીર અને માલદાર તો એને જ ગણવામાં આવે છે કે જેને કશું જ ન કરવાની સગવડ હોય. આ કામચોરી અને હરામખોરીની કુટેવ જ્યાં પણ મૂળિયાં નાખશે ત્યાંથી 'બેશરમ બળદ'ની જેમ ખસવાનું નામ જ નહીં લે.

અમીરોની સાથે જોડાયેલ અપવ્યય એક મોટો રોગ છે. એનાથી જ કોઈને અમીર હોવાના ભ્રમમાં નાખી શકાય છે. ફેશન, ઘરેણાં, ઠાઠમાઠ, નશાબાજી વગેરે દૂષણો તો ધનવાનોનાં પ્રતીક બની ગયાં છે. લગ્નપ્રસંગે તો અમીરી પરાકાષ્ઠાએ પહોંચી જાય છે અને અગત્યની વસ્તુઓ વેચીને પણ તેનું પ્રદર્શન કરે છે. કન્યા અને વરરાજાને એ રીતે સમજાવવામાં આવે છે કે જાણે રાજકુમાર કે રાજકુમારી ન હોય ! જાન અને જાનૈયાનો ઠાઠ-માઠ અને પીરસવામાં આવતી ખાદ્યસામગ્રી જોઈને તો કોઈ પણ અનુમાન લગાવી શકે છે કે કોઈ આનાથી વધુ ધનવાન હોઈ શકે જ નહીં. પણ વાસ્તવમાં જોઈએ તો સામાન્ય દિવસોમાં ભાગ્યે જ

તેઓ રોજીંદો વ્યવહાર પણ સરળતાથી ચલાવી શકતા હશે. અરે ! કેટલીકવાર તો ખાવાના પણ સાંસા પડતા હોય છે, પણ પ્રસંગોએ તો જાણે મફતનો ખજાનો મળી ગયો હોય એ રીતે વર્તે છે.

સામાન્ય રીતે દરેક ભારતીયને સરેરાશ થોડાક જ કલાકનું કામ મળે છે. બાકીનો સમય તો ગપ્પાં મારવામાં, મજાકમસ્તી કરવામાં અને આમતેમ રખડવામાં જ પૂરો કરે છે. જો આ સમયનો ઉપયોગ તેઓ કઠોર પરિશ્રમ કરવામાં કરે તો હું નથી માનતો કે કોઈને દુઃખી થવું પડે. અરે, તેમનાં જીવન ધન્ય ધન્ય બની જાય. ચારે બાજુ ખુશી છવાઈ જાય. ખેતીના કામમાં જોડાયેલ વ્યક્તિ જો ઇચ્છે તો તેનો વધારાનો સમય કુટીરઉદ્યોગોમાં વાપરી શકે છે અને વધારાની આવક મેળવી શકે છે.

જેઓ પૈસેટકે સુખી હોય તેવા લોકો પોતાનો કીમતી સમય નિરક્ષરતા-નિવારણમાં અને ગંદકી હટાવી સ્વચ્છતા વધારવામાં વાપરી શકે છે. પરિવારની સાથે હળીમળીને સમગ્ર વિસ્તારને સૌજન્યપૂર્ણ બનાવી શકે છે. સ્વાસ્થ્યરક્ષા, આજીવિકા વૃદ્ધિ, કલાકૌશલ્ય, શિક્ષણનો ફેલાવો જેવાં અનેક કામો છે, જેના માટે જો ઉત્સાહ દર્શાવવામાં આવે તો એવું કોઈ કારણ નથી કે આજની સરખામણીમાં આવતી કાલે વધારે સંપન્ન, શિક્ષિત, સભ્ય તથા પ્રતિભાશાળી ન બની શકાય ! પાણી ભરેલા ઘડાનું છિદ્ર જો બંધ કરી દેવામાં આવે તો તેમાં પાણી ભરેલું રહેશે. પરિણામે તરસ્યા મરવાનો પ્રસંગ નહીં આવે. બસ, અપવ્યયનું પણ આવું જ છે. તે એક મોટું છિદ્ર છે, પણ આપણું દુર્ભાગ્ય એ છે કે આપણે સમયની સાથે શ્રમને જોડી જ શકતા નથી. સવાર થયેલા અમીરીના ભૂતને ઊતરવા જ દેતા નથી. જ્યાં સુધી આ મૂર્ખતા છવાયેલી રહેશે ત્યાં સુધી આગળ વધવાનું, પ્રગતિ કરવાનું તો નામ જ નહીં લે. પછી ક્ષમતાઓનો સદુપયોગ કરવાની વાત તો રહી જ ક્યાં ? આ મનઃસ્થિતિ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી ગરીબાઈ આપણો પીછો છોડશે નહીં કે નહીં મુક્ત થઈશું

અજ્ઞાનતામાંથી. પ્રગતિના બીજા પણ અનેક આધારો છે, પણ તેમને હસ્તગત કેવી રીતે કરી શકાય ? પછાતપણું તો આપણા ગુણ, કર્મ અને સ્વભાવનું એક અવિભાજ્ય અંગ બની ગયું છે.

સારું તો એ થાત કે આપણને આવા ઉત્સાહજનક અને પ્રગતિશીલ વાતાવરણમાં રહેવાનું મળ્યું હોત ! અથવા જેનામાં આવી પ્રેરણાઓ પડેલી છે, તેવાઓની સાથે ઘનિષ્ઠતાનો સંબંધ સ્થાપવામાં આવ્યો હોત. અત્યારે આપણી આસપાસ આવો ઉત્સાહ ક્યાંય જોવા મળતો નથી, પરંતુ ભૂતકાળમાં દૃષ્ટિ કરતાં જણાય છે કે સજ્જનોચિત પુરુષાર્થ અવશ્ય કરવામાં આવ્યો છે અને આજે પણ ક્યાંક ક્યાંક આવા પ્રગતિશીલોની યશગાથા જોવા પણ મળે છે. આવાં તો અનેક ઉદાહરણોથી ઈતિહાસ ભરેલો છે.

જેમને મુસીબતોમાંથી બહાર આવીને પ્રગતિશીલ બનવું હોય, આગળ વધવું હોય તેમણે તો આ અંધ માન્યતામાંથી બહાર આવવું જ રહ્યું, જે આપણને અમીરીનું મહોરું પહેરાવીને ગરીબ અને પછાત પરિસ્થિતિમાં રહેવા માટે મજબૂર કરી રહી છે.

## ત્રણેય ઉપવનો ફૂલશે, ફળશે અને આબાદ કરશે

શરીરના પ્રત્યેક કણમાં સમ્પન્નતા ભરેલી છે, પણ શ્રમ અને સમયનું આયોજન કર્યા વગર તેને બહાર લાવવાનું કાર્ય મુશ્કેલ છે. જો અભિરુચિ, ઉત્કંઠા, મનોયોગ તથા ઉત્સાહને પણ સાથે જોડવામાં આવે તો શ્રમના સ્તરને અનેકગણો ઊંચો લઈ જઈ શકીએ તેમ છીએ. આળસ અને વેઠ સમજીને કરવામાં આવતું કામ તો કશું જ ન કરીએ તેના બદલે કંઈક કરીએ છીએ તેવું છે.

સુવ્યવસ્થિત અને સર્વાંગપૂર્ણ કામ કરવાથી શ્રમનું મૂલ્ય પણ વધશે અને તેનું સ્તર પણ ઊંચું આવશે. આનાથી કંઈક વધુ વિચારવાની ક્ષમતા પણ વધશે, જેના સહારે ચીલાચાલુ ઢસરડાથી આગળ વધીને થોડુંક વધારે

અને ઉપયોગી હોય તેવું વિચારી અને કરી શકાય. કંઈક મેળવી પણ શકાય. સુવ્યવસ્થા એક ઉચ્ચસ્તરીય કલા છે, જે કોઈ પણ કામને સર્વથા સુંદર, સુસજ્જિત તથા કલાત્મક બનાવે છે. દુનિયાભરના પ્રગતિશીલ માનવોએ આના આધારે જ આશ્ચર્યજનક ઉન્નતિ કરી બતાવી છે.

છાપરામાંથી ક્યારેય કોઈના ઘરમાં ધનનો ઢગલો થયો નથી કે વરસાદ વરસ્યો નથી. શું બીજાઓના આધારે ક્યારેય કોઈ ગૌરવવંતુ જીવન જીવ્યો છે ? વારસાગત વૈભવ તો ઘણાંને મળતો હશે, પણ હરામનો માલ કોઈને હજમ થતો નથી. જેઓ મહેનતથી કમાણી કરતા નથી તેઓ ભાગ્યે જ તેનો સદુપયોગ પણ કરી શકતા હોય છે. લૂંટ, ચોરી, લુચ્ચાઈ તથા છેતરપિંડી અને છળકપટથી ભૂતકાળમાં પણ ઘણાએ બધું મેળવ્યું છે અને અત્યારે પણ મેળવે છે, પણ મફતના માલનો સદુપયોગ કોઈએ કર્યો હોય એવું ભાગ્યે જ બન્યું હોય. ખોરાક ત્યારે જ પચે છે જ્યારે તેને પચાવવા માટે સખત પરિશ્રમ કર્યો હોય. મહેનત, ઈમાનદારી અને પરસેવાની કમાણી ફૂલતી-ફાલતી જોવામાં આવી છે.જો શરીરને કામ તથા ઉત્સાહજનક શ્રમ દ્વારા સાધી લેવામાં આવે તો ભાગ્યે જ કોઈને ગરીબ રહેવું પડે. ભાગ્યે જ કોઈને બીજાનું મોં જોઈને તેના સહારે બેસી રહેવું પડે.

સંપન્નતા ઉપરાંત બીજું ઉપવન છે શિક્ષણ. આને બુદ્ધિમત્તા, દીર્ઘદૃષ્ટિ, એકાગ્રતા વગેરેના નામથી પણ ઓળખવામાં આવે છે. વકીલ, એન્જિનિયર, કલાકાર વિદ્વાન, મનીષી વગેરેને જોતાં આપણું મન પણ કહે છે કે અમને પણ જો આવી તક મળી હોત તો વધુ કમાણી કરી વધુ સન્માન મેળવી શક્યા હોત. આ પરિસ્થિતિથી વંચિત રહેવાનો દોષ કોઈ વ્યક્તિ ઉપર ઢોળવો ઉચિત નથી. જો શિક્ષણનું મહત્ત્વ સમજવામાં આવે અને ઉત્સાહ બતાવવામાં આવે તો, બૌદ્ધિક દૃષ્ટિએ સમુન્નત બનવા માટે જરૂરી સગવડો અનાયાસ જ મળી જતી હોય છે. સંસારના મોટાભાગના વિદ્વાનો પ્રતિકૂળતાઓ સામે ઝઝૂમીને અનુકૂળ

વાતાવરણ બનાવી શક્યા છે.

આ પુસ્તકના લેખકને એક એવા સાથીના સંબંધમાં જાણકારી છે કે તે એક વર્ષની જેલ દરમ્યાન લોખંડના પતરા ઉપર કાંકરાની પેન બનાવીને અંગ્રેજી શીખ્યો અને એક જૂના છાપાએ પુસ્તકોની ગરજ સારી. એવા સાથીઓ પણ મળી ગયા કે જેમણે પ્રસન્નતાપૂર્વક મદદ પણ કરી. એક વર્ષમાં એટલી તો પ્રગતિ કરી લીધી કે જાણીને લોકોને આશ્ચર્ય થયું. આમાં કોઈ જાદુ કે ચમત્કાર નથી, પણ જ્યારે અંદર છુપાયેલી વૃત્તિ જાગી ઊઠે, કંઈક કરી છૂટવાની તમન્ના પ્રબળ બનીને બહાર આવે ત્યારે સમજી લેવું જોઈએ કે સરસ્વતી તેના આંગણે નૃત્ય કરવા તૈયાર થઈ ગઈ છે. અન્ય વિભૂતિઓની જેમ વિદ્યા પણ આંતરિક આકર્ષણના કારણે આપોઆપ ખેંચાઈને આવતી હોય છે. દુનિયાભરના મહામાનવોનો ઈતિહાસ ડગલે ને પગલે આ બાબતની સાક્ષી પૂરે છે. ત્રીજું ઉપવન છે અંતઃકરણ, જેમાં ભાવસંવેદનાઓ માનસરોવરની જેમ લહેરાય છે અને ગંગાયમુનાની જેમ ઘોડાપૂરમાં વહે છે. ફક્ત નિષ્ઠુરતા જ એક એવી શીલા છે જે આવા સ્રોતોનાં દ્વાર બંધ કરી દે છે. આ એ જ ઉલ્લાસ છે. જેમાં દેવતા નિવાસ કરે છે, મહામાનવો વિકસિત થાય છે અને ઋષિમુનિઓની ચેતના સદાય નિવાસ કરે છે. સંકુચિત સ્વાર્થવૃત્તિ જ એક એવો અવરોધ છે, જે મનુષ્યને ઉદાર બનાવીને ઉચ્ચસ્તરીય સેવાસાધના માટે અજસ્ર અવસર ઉપલબ્ધ થવા દેતી નથી.

માનવી રસ્તો ભૂલેલો દેવતા છે. જો તે મહાનતા રાજમાર્ગ પર ચાલવાની વિવેકશીલતા અપનાવી શકે તો ફક્ત એટલાથી જ તે તરી શકે અને અનેકોને તારી શકે તેવી સ્થિતિનું આપોઆપ નિર્માણ કરી શકે છે. આના માટે વિદ્વાન અથવા પહેલવાન હોવું જરૂરી નથી. કબીર, દાદૂ, રૈદાસ, મીરા, શબરી વગેરેએ વિદ્વત્તા કે સંપન્નતાના આધારે એ શ્રેય પ્રાપ્ત કર્યું ન હતું, જે આજે પણ અસંખ્ય લોકોને ઉચ્ચસ્તરીય પ્રેરણા આપતું રહ્યું છે.

મનુષ્ય પાસે શરીર, મન અને અંતઃકરણ આ ત્રણેય એવી ખાણો છે કે જેમાંથી ઇચ્છાનુસાર મણિ-મુક્તક મેળવી શકાય તેમ છે. બાહ્ય સહયોગ પણ સત્પાત્રોને અનાયાસે જ મળી જતો હોય છે. સારા ટકે પાસ થનાર વિદ્યાર્થીને આપોઆપ જ શિષ્યવૃત્તિ મળી જતી હોય છે. ફક્ત કુપાત્ર અને કામચોર લોકો જ નિષ્ફળતાનો ટોપલો ભાગ્ય અને ગ્રહનક્ષત્રો અથવા બીજા કોઈના માથા ઉપર નાખતા હોય છે. ગતિશીલને કોઈ રોકી શક્યું નથી. ગંગાનો સંકલ્પ તેને મહાસાગર સુધી પહોંચાડ્યા વગર રસ્તામાં ક્યાંય રોકાયો નહીં. જોકે જ્યારે ત્યારે સહકારની જરૂરિયાત પડતી હોય છે, પણ તેની ઉપયોગિતા એટલી બધી મોટી નથી કે તેના વિના કામ ચાલી જ ન શકે, પણ ઘણીવાર સંકટગ્રસ્તોને મુસીબતોમાંથી ઉગારવા માટે આવા ઉદાર માણસોની સહાનુભૂતિ કામ કરી જાય છે, પરંતુ તેના સહારે જિંદગીની લાંબી મંજિલ કાપવી કે મોટી મોટી સફળતાઓ હાંસલ કરવી કે વરદાનો પ્રાપ્ત કરવા સંભવ નથી.

આજની અદૃશ્ય છતાં બે સૌથી મોટી સમસ્યાઓમાંની એક એ છે કે લોકો પરાવલંબી બની ગયા છે. બીજાંઓનું ચીલાચાલુ અનુકરણ કરવું એ જ એમનું ધ્યેય બની ગયું છે. પોતાની સ્વતંત્ર બુદ્ધિ એટલું પણ નથી વિચારી શકતી કે જે ઉપયોગી છે તેનો સ્વીકાર કરીએ અને અયોગ્ય છે તેનો અસ્વીકાર. જો મનુષ્ય પોતાના સ્વતંત્ર ચિંતનના આધારે આટલી હિંમત કરી શકે તો, ઉપયોગિતાને અપનાવવાનું સાહસ પોતાની અંદરથી પ્રગટ થઈ શકે તેમ છે અને જો આવું થઈ શકે તો 'એકલો જાને રે'નું ગીત ગાતાં ત્રણેય ક્ષેત્રોમાં આબાદ કરી દેનારી સંપત્તિ પ્રાપ્ત કરી શકાય તેમ છે.

આજની સૌથી મોટી, સૌથી ભયંકર સમસ્યા એક જ છે; માનવીય ચેતનાનું પરાવલંબી થવું, આંતરિક સ્ફૂરણાનું મૂર્છિત થવું, ઔચિત્યનો અભાવ હોવો અને કાંટાળા જંગલમાં ભૂલા પડી જવું. આગામી દિવસો આ પરિસ્થિતિમાંથી બહાર આવવાના છે. ઉજ્જવળ ભવિષ્યની તમામ

સંભાવનાઓનું આ જ આધારે નિર્માણ થશે. હવેના સમયમાં લોકો દીન-હીન, મનોમલિન, ઉદ્વિગ્ન કે વિક્ષિપ્ત દશામાં રહેવાનું નહીં સ્વીકારે. બધા જ સ્વાવલંબી બનશે તથા કોઈક પુરુષાર્થને અપનાવીને તેજસ્વી, ઓજસ્વી તથા વર્ચસ્વી બનવામાં સર્વથા સફળ થશે. 'વાતાવરણ મનુષ્યને ઘડે છે' આ ઉક્તિ ફક્ત અજ્ઞાની અને પછાત લોકોને જ લાગે પડે છે. વાસ્તવિકતા તો એ છે કે આત્મબળના સ્વામી પોતાની સંકલ્પશક્તિ તથા પ્રતિભાના સહારે ઇચ્છિત વાતાવરણ બનવામાં સંપૂર્ણ રીતે સફળતા પ્રાપ્ત કરતા હોય છે.

## દુરુપયોગ થાય ત્યાં અભાવ ક્યાંથી અટકે ?

ધનસંપત્તિ પ્રાપ્ત કરવી એ એક અલગ બાબત છે અને તેનો સદુપયોગ કરવો એ તદ્દન બીજી બાબત છે. ધનનો સંગ્રહ કરનારાઓ તો આ દેશમાં અસંખ્ય પડ્યા છે, પણ તેનો સાચા માર્ગે ઉપયોગ કરનાર તો આંગળીને વેઢે ગણી શકાય તેટલા જ મળશે. ખરું જોતાં તો આને એક મુસીબત જ કહી શકાય કે સફળતાઓ મેળવનારાઓને તેનો સદુપયોગ કરતાં નથી આવડતું અને જેમને સમયાનુસાર સદુપયોગ કરતાં આવડે છે તેઓ ધનસંપત્તિ પ્રાપ્ત કરવામાં સફળ થઈ શકતા નથી. ખરેખર ! જો પ્રતિભા અને સદાશય એક જ જગ્યાએ રહી શક્યાં હોત તો આ સંસાર કેટલો સુખી અને સમુન્નત બન્યો હોત !

સદુપયોગ ન થઈ શક્યો હોય તો પણ કોઈક રીતે સંતોષ મેળવી શકાય તેમ છે, કારણ કે જે કમાયા હતા તે વ્યર્થમાં વપરાઈ ગયું, પરંતુ દુઃખ તો ત્યારે થાય છે કે જેના સદુપયોગથી વ્યક્તિ અને સમાજનું ભલું થઈ શકે એમ હતું તેના બદલે તેનાથી ઊલટું જ કરવામાં આવ્યું હોય. અરે ! એટલું જ નહીં, તેનાથી અનેક અનર્થો ઊભા કરવામાં આવ્યા હોય કે ખરેખર જેનાથી સમાજને બચાવવાનો હતો.

સમર્થ વ્યક્તિ જ ઉદ્દંડ બને છે અને અનાચાર ફેલાવે છે. સાધન-

સંપન્ન લોકો જ પોતાના વૈભવનો એવો દુરુપયોગ કરે છે કે જેનાથી શોષણ, ઉત્પીડન તથા પતન-પરાભવનું સામ્રાજ્ય ખડું થાય છે. સંસારમાં છળકપટ અને છેતરપિંડીની જાળ ફેલાવનારાઓમાં મોટા ભાગના આવા જ લોકો છે કે જેમને વિદ્વાન સમજવામાં આવે છે અને બુદ્ધિમાન કહેવામાં આવે છે. યુદ્ધનું વાતાવરણ ખડું કરી અનેકોને મુસીબતોના મુખમાં ધકેલનારાઓમાં મોટા ભાગે સત્તાધારી લોકો જ અગ્રસ્થાને હોય છે. આ કહેવાતા બુદ્ધિશાળીઓ સફળ થયા ન હોત તો સારું થાત. જેઓ વિભૂતિઓના સ્વરૂપે બીજાઓના માટે માથાનો દુઃખાવો હોય એવાઓની સફળતાને શું સફળતા કહી શકાય ?

અભાવગ્રસ્ત લોકો કોઈકનું શક્તિ બહારનું ભલું કરી શકતા નથી. તેમને તો પોતાનું ગાડું ચલાવવું પણ ભારે પડે છે. આ બધા તો દરિદ્રતા, દુર્બળતા તથા અજ્ઞાનતાના કાદવામાં ખૂંપેલા હોઈ કોઈના માટે કશું કરી શકતા નથી. સેવા અને સહાયતાનું કામ તેમનાથી થઈ શકતું નથી, આટલું હોવા છતાં એક વાતનો સંતોષ તો ચોક્કસ લઈ શકાય છે કે કહેવાતા સમર્થ લોકોની જેમ પોતાની ચિનગારીને દાવાનળ બનાવીને વિસ્તૃત વનપ્રદેશોને સળગાવી મારવાની દુષ્ટતા તો નથી કરતા.

લોકમાનસને ભ્રમિત કરવામાં જેટલો સાહિત્યકારો, કલાકારો, ધર્મોપદેશકો, નેતાઓ તથા રાજકારણીઓએ ભાગ ભજવ્યો છે તેટલો ભાગ્યે જ સમસ્ત સંસારના અશિક્ષિત લોકોએ ભજવ્યો હોય. ધનવાનોએ કલાકારો, સાહિત્યકારો તથા બુદ્ધિજીવીઓને પોતાના પૈસાના જોરે ખરીદ્યા તથા કઠપૂતળીની જેમ નચાવ્યા. એક જમાનામાં વૈજ્ઞાનિકોની સ્વતંત્ર સત્તા રહી હશે અને લોકોપયોગી શોધખોળ કરતા હશે, પણ આજે તો તેમણે પણ સાધનોની સામે આત્મસમર્પણ કરી દીધું છે. તેઓ પણ એવું જ વિચારે છે અને શોધે છે, જે તેઓના અન્નદાતા ઇચ્છે છે. કોઈની બુદ્ધિમત્તા જ નહિ, કહેવાતા ધનવાનો તો હવે ઈમાનદારી પણ

ખરીદી લીધાનો દાવો કરતા થયા છે. હવે તો પોતાની સંપત્તિના બળે ભગવાન અને દેવતાઓની પાસે પણ પોતાનું ધાર્યું કરાવવા માટે તેમને વિવશ બનાવે તેવું લાગી રહ્યું છે.

સાધનોની અછત ઊભી થતાં મુશ્કેલી વધે તે સમજી શકાય તેમ છે, પરંતુ તથ્યને ખૂબ જ ગંભીરતાપૂર્વક સમજી લેવું જોઈએ કે વસ્તુઓ અને સાધનો પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ હોય, પણ જો તેમનો દુરુપયોગ કરવામાં આવે તો મુશ્કેલીઓ ઘટવાને બદલે તેમાં અનેકગણો વધારો થશે. ચાકુના અભાવમાં શાકભાજી અન્ય સાધનથી પણ કાપી શકાય છે, પણ ધારદાર અને ચમકતા ચાકુને કોઈકના પેટમાં ઘુસાડવામાં આવે તો, સમજવું જોઈએ કે ચાકુના અભાવની સરખામણીમાં તેની ઉપલબ્ધિ વધારે મોંઘી પડી.

પ્રાચીન સમયમાં આજની સરખામણીમાં સાધનો ઘણાં ઓછાં હતાં. એ વખતે વૈજ્ઞાનિક શોધખોળો તો થઈ જ ન હતી. છતાં એ સમયમાં એટલાં બધાં શાંતિ, સંતોષ અને સુખ હતાં કે તે સમય સતયુગ કહેવાતો હતો. એ વખતે હળીમળીને ખાવાની નીતિ અપનાવવામાં આવી હતી અને તેમ છતાં ખૂબ જ આનંદથી વ્યવહાર ચાલતો હતો. તે વખતે ક્યાંય ઝઘડા કે સંકટનાં વાદળ છવાયેલાં જોવા મળતાં ન હતાં. આવા વાતાવરણમાં અભાવની અનુભૂતિ તો થાય જ કેવી રીતે ? મનુષ્યની વાસ્તવિક જરૂરિયાતો તો ખૂબ જ ઓછી છે. તેને થોડાક સમયના પરિશ્રમથી સરળતાપૂર્વક પૂરી કરી શકાય તેમ છે. માનવીને પરેશાન તો પેલી તૃષ્ણા કરે છે, જે દુરુપયોગ કરવા માટે માણસને ફરજ પાડે છે. જો બૌદ્ધિક ભ્રમમાંથી બહાર આવી શકાય તો પછી ગુજરાન માટેનો તો પ્રશ્ન જ રહેતો નથી. મનુષ્ય સરળતાપૂર્વક જરૂરિયાત કરતાં વધારે મેળવી શકે છે અને તેનાથી અન્યને મદદ પણ કરી શકે છે.

અનાચારની વૃદ્ધિનું ફક્ત એક જ કારણ છે અને તે છે બિનજરૂરી ખર્ચ કરવો, વધારે પડતાં ઠાઠ-માઠ અને ટાપટીપ તથા મોજ-શોખ

કરવા અને તે કરવા માટે વધારાનાં ભોગવિલાસનાં સાધનો પ્રાપ્ત કરવાં તથા તેમનો સંગ્રહ કરવા ઉત્સુક રહેવું. આગમાં લાકડાં નાખવાથી અગ્નિ વધારે ને વધારે પ્રદિપ્ત થાય છે. એ જ રીતે વિલાસિતા અને અહંકારના મદમાં જે કંઈ કમાવામાં આવ્યું છે, તે ઓછું ને ઓછું પડવા લાગે છે અને એની સાથે એક એવી વૃત્તિ પણ બળવત્તર બનતી જાય છે કે વધુને વધુ મેળવવા માટે બીજાના હકનું પણ જેટલું શક્ય હોય તેટલું પડાવી લેવું, છીનવી લેવું. આ પ્રકારની લિપ્સા વધતી જ જાય છે, પણ તેનો સદુપયોગ કરવાનું સૂઝતું નથી. ભાવસંવેદના તથા ચિંતનમાં ઉત્કૃષ્ટતા ન હોવાના કારણે ફક્ત અનિયંત્રિત ઉપયોગ જ એકમાત્ર માર્ગ બાકી રહે છે અને તે ઊંડી ખાઈ કુબેર જેટલી સંપત્તિ અને ઈંદ્ર જેવી પ્રભુતા મેળવવા છતાં પણ પૂરાતી નથી. આવી મનઃસ્થિતિમાં સંતોષ ક્યાંથી મળે ? પ્રસન્નત અને પ્રફુલ્લતાનો અનુભવ કરવો તે તો કેટલાય જોજન પાછળ રહી જાય છે.

રોગનું નિદાન થયા પછી જ તેનો સાચો ઉપચાર થઈ શકે. વર્તમાન સમસ્યાઓનાં સ્વરૂપો ભલે વિવિધ દેખાતાં હોય, પણ તેમનું મૂળ કારણ તો એક જ છે  'મેળવવું અને વાપરી નાખવું' આ નીતિને અપનાવનારા પોતાનું જીવન તો વ્યતીત કરે જ છે, પણ કરેલા પુરુષાર્થથી પોતાનું અને અન્યનું હિત સધાતું હોય તેવું ભાગ્યે જ બને છે.

અપવ્યયી દુર્ગુણી થયા વિના રહી શકતા નથી. પોતાની જરૂરિયાતોની પૂર્તિ તો થોડીક કમાણીમાંથી સરળતાપૂર્વક થઈ જાય છે. પછી વધારાના ઉત્પાદનનું શું ? ઉદારતાના અભાવમાં જરૂરિયાતવાળા લોકોને આપી દેવાની હિંમત જ થતી નથી, પછી પોતાની વ્યક્તિગત જરૂરિયાતો સંતોષાતાં જે કંઈ વધે તેનું આખરે થાય શું ? ફક્ત એક જ રસ્તો બચે છે અને તે છે દુરુપયોગ. આ રીતે નિકૃષ્ટ સ્તરની સ્વાર્થસંકીર્ણતામાં ફસાયેલા અને અધિક ઉપાર્જન કરવામાં પોતાની જાતને સફળ સમજનારા મોટા કહેવાતા લોકોની રીતિ-નીતિ સામાન્ય લોકોને પણ પ્રભાવિત કરે છે અને તેમને પણ આવા લોકોનું અનુકરણ

કરવા માટે લલચાવે છે. પાત્રતા બિલકુલ નહીં, પરિશ્રમ નામનો જ અને અપવ્યયની અભિલાષા ગગનચુંબી. આવા વાતાવરણમાં અનાચારરૂપી તીડોનાં ટોળાં ઊડવા લાગે છે અને સંસારની હરિયાળીને ખાઈને સફાચટ કરી મૂકે છે.

## સાધનો કરતાં સદ્ગુણોની જરૂર વધુ

જ્યાં પણ જરૂરિયાતો અને સમસ્યાઓની ચર્ચા થાય છે, ત્યાં તેના નિરાકરણ માટે સાધનો વધારવાનું કહેવામાં આવે છે. જોકે આમાં કશું અયોગ્ય પણ નથી. સાધનોના સહારે અનેક ઉપયોગી કાર્ય કરી શકાય છે. આથી જ તો આપ્તજનોએ 'સો હાથે કમાઓ' અને 'હજાર હાથે ખર્ચ કરવા'નું કહ્યું છે. અહીં દુરુપયોગની નહીં, પણ સદ્ગુણોના સંવર્ધનની વાત છે. એવો સંગ્રહ ન કરવો જોઈએ કે જેનું પરિણામ દુર્વ્યસનો વધારવામાં આવે. દુર્વ્યસનો વધવાથી ઈર્ષા વધે છે અને તે બીજા લોકોને એ રસ્તે ચાલવા માટે મજબૂર કરે છે.

પારો પચતો નથી. તે શરીરના એકે એક અંગમાંથી ફૂટી નીકળે છે. આ જ રીતે બિનજરૂરી અને વગર મહેનતની કમાણી અનર્થ જ પેદા કરે છે. નિષ્ઠુરતા અને વિલાસિતામાં ઉડાવી દેવામાં આવેલું ધન દરેક રીતે અનર્થ જ પેદા કરે છે. આનાં પરિણામો ખરાબ જ હશે. ખુલ્લા તેજાબ અને બળતી આગને કોઈ કપડામાં લપેટતું નથી. એ જ રીતે ઉત્પાદનમાં રોકેલી મૂડી સિવાય પોતાના વ્યક્તિગત ખર્ચ માટે, મોજશોખમાં વેડફી દેવા માટે વધારાનો સંગ્રહ કરવો જોઈએ નહીં. નહીં તો એમાંથી ખોટી પરંપરા જ જન્મ લેશે. અમીરોનાં સંતાનો મોટા ભાગે તો આરામપ્રિય, નકામાં તથા દુર્ગુણી જ જોવામાં મળે છે. જે કંઈ મહેનતપૂર્વક અને ઈમાનદારીથી કમાવામાં આવ્યું નથી, જે ધનને ઉપયોગી કાર્યમાં વાપરવાના બદલે સ્વાર્થ અને અનિયંત્રિત સંકીર્ણતા માટે એકઠું કરવામાં આવ્યું છે, તે ધન ફક્ત સંગ્રહ કરનારને જ નહીં,

પણ તેનાથી એક યા બીજા રૂપે પ્રભાવિત થનારને પણ પતનના મુખમાં ધકેલી મૂકે છે.

દુરુપયોગની જેમ નિષ્ક્રિયતા અને નિરુત્સાહ પણ અનિષ્ટકારક છે. આળસુ અને પ્રમાદી જ દરિદ્ર હોય છે. ઉત્સાહનો અભાવ જ તેને અશિક્ષિત બનાવે છે. સભ્યતા અને અનુશાસનને જીવનમાં ન ઉતારવાના કારણે લોકો અણઘડ અને પછાત રહી જાય છે. જો તેમના આ દોષદુર્ગુણોને દૂર કરવામાં આવે તો પોતાની વ્યક્તિગત પ્રતિભા ખીલી શકે છે અને જેના લીધે અભાવ, અસંતોષ અને અપમાન સહન કરવાં પડે છે તે દરિદ્રતામાંથી છુટકારો મેળવી શકાય છે.

કહેવા ખાતર તો કહી શકાય કે અભાવગ્રસ્ત પરિસ્થિતિઓના કારણે મનુષ્યને ત્રાસ સહન કરવો પડે છે, પણ ગંભીરતાપૂર્વક નિરીક્ષણ કરતાં બીજું જ કારણ સામે આવીને ઊભું રહે છે. વ્યક્તિત્વના ઊંડાણમાં જડ જમાવીને પડેલી અનિચ્છનીયતાના કારણે જ મનુષ્ય દીનહીન દશામાં પડેલો રહે છે. મજૂરો સારું એવું કમાય છે, પણ તેની સાથે તેમનામાં નશાબાજી, જુગાર, આવારાપણું વગેરે અનેક કુટેવો આવી જાય છે અને જે કંઈ કમાય છે તે ખોઈ નાખે છે. પરિણામે દુઃખો અને ગરીબાઈનં રોદણાં રડતાં રડતાં જીવન વ્યતીત કરે છે. પોતાનું સમગ્ર કુટુંબ પણ અનૌચિત્યની ચક્કીમાં પીસાયા કરે છે અને બરબાદ થાય છે. આ વાત માત્ર મજૂરો પૂરતી જ સીમિત નથી. દુરુપયોગ દરેકને દુર્ગુણી તથા દુર્વ્યસની બનાવે છે. જ્યાં સુધી અપવ્યય થતો રહેશે ત્યાં સુધી એક પણ વ્યક્તિની પાસે ખુશી નહીં રહે. પછી પ્રગતિની અપેક્ષા રાખવી તો વ્યર્થ જ છે.

આપણા દેશમાં ધનવાનો, વિદ્વાનો, સમર્થો તથા કલાકારોની ખોટ નથી. દેશમાં ગરીબો તથા અશિક્ષિતોનો મોટો વર્ગ છે, છતાં જો પ્રતિભાવાન લોકો પોતાનાં સાધનો અને સંપત્તિનો ઉપયોગ સર્વતોમુખી પ્રગતિ માટે કરે તો, એટલા માત્રથી ઉત્થાન, ઉત્કર્ષ તથા અભ્યુદયનું

વાતાવરણ બની શકે તેમ છે. મહાપુરુષોના મૂલ્યાંકન માટેના બે આધારો છે. એક છે સમર્થતા માટે કરેલો કઠોર શ્રમ અને બીજો છે એકત્ર કરેલ સંપત્તિને પ્રગતિશીલ માર્ગે વાપરવા માટે કરેલો ઉદારતાપૂર્વકનો પ્રયત્ન. આ બંને કામ કરનાર કોઈ પણ વ્યક્તિ મહામાનવોની હરોળમાં આવી જાય છે. આવા લોકોનું પ્રમાણ જે ક્ષેત્રમાં વધુ હશે ત્યાં સ્નેહ, સમર્થતા અને પ્રગતિની ખોટ ક્યારેય નહીં રહે.

ઉદારતા, પ્રમાણિકતા તથા પરમાર્થપરાયણતા, આ ત્રણેય એવા ગુણો છે, જેને પ્રાપ્ત કરી તેમાં વધારો કરવામાં આવે તો ફક્ત વ્યક્તિ જ સુખી અને સમુન્નત બનતી નથી, પરંતુ તેના સમગ્ર ક્રિયાકલાપો સાથે સમસ્ત વિસ્તાર પ્રગતિ સાધે છે તથા સમુન્નત બનીને આગળ વધે છે.

શું આવતી સદીમાં ઉજ્જવળ ભવિષ્યની આશાનું નિર્માણ કરવા માટે સંપત્તિ એકત્ર કરવી પડશે ? કેવા પ્રકારની સમૃદ્ધિ મેળવવી પડશે ? કેવા પ્રકારનું આયોજન અને વ્યવસ્થાતંત્ર ગોઠવવું પડશે ? અત્યારે આ બાબતમાં વિચારવું ઉચિત અને જરૂરી છે, પણ એટલું તો ધ્યાનમાં રાખવું જ પડશે કે, જો લોકોનો માનસિક સ્તર હલકો રહેશે, તેમનાં દૃષ્ટિકોણ, ચિંતન અને સ્વભાવ જો નિમ્નસ્તરનાં હશે, દુરુપયોગ જો આ જ રીતે થતો રહેશે તો, જે ઉપયોગી અને ઇચ્છિત છે તેને હજારો વર્ષો પછી પણ મેળવી શકાશે નહીં. સાધનોનું મહત્ત્વ તો છે જ, પણ તે વ્યક્તિત્વના સ્તરથી તો વધુ નથી જ. ગરીબ દેશમાં રહેતા લોકો હંમેશાં નકામા જ હોય છે એવું પણ નથી. શરીરરચના પણ બધાંના જેવી એકસરખી જ હોય છે. કેટલાક તો શિક્ષિત અને સમર્થ પણ હોય છે, છતાં પછાતપણું તેમનો પીછો છોડતું નથી. અભાવ, દુઃખ, વિદ્રોહ તથા સંકટોનું વાતાવરણ ક્યાંકને ક્યાંકથી આવી જ જાય છે. વ્યક્તિત્વને ઉત્કૃષ્ટ બનાવવામાં આડે આવતા અવરોધો જ આનું મુખ્ય કારણ છે, જેના કારણે જરૂરી-ઉત્પાદન કરી શકાતું નથી યા તો સ્વભાવની અસ્તવ્યસ્તતાને કારણે ખોઈ નાખવામાં આવે છે. આનાથી ઊલટું એ

પણ જોવામાં આવ્યું છે કે સાધુ સજ્જન, સદ્‌ગુણી અને સેવાભાવી લોકો નગણ્ય સાધનોનો સદુપયોગ કરીને પણ હસતું-હસાવતું, રમતું-રમાડતું જીવન જીવતા હોય છે. આવી પરિસ્થિતિમાં પોતાને જ નહીં, પણ અન્ય પછાત તથા ગરીબ લોકોને પણ ઊંચા લાવીને આગળ વધારવામાં સફળતા મેળવી લે છે. આવા જ આદર્શવાદી અને શાલીનતાસંપન્ન લોકોનો પુરાતન ઇતિહાસ જીવન્ત રહ્યો છે. આ દેશના કેટલાય સાધુ, બ્રાહ્મણ, વાનપ્રસ્થ, પરિવ્રાજક વગેરે લોકોએ ફક્ત પોતાના દેશવાસીઓનો સ્તર ઊંચે આણ્યો છે એટલું જ નહીં, પરંતુ આ મુઠ્ઠીભર માણસોએ દેશવિદેશોમાં પ્રગતિશીલતા, સર્વતોમુખી સુસંપન્નતા તથા સુસંસ્કારિતાનું વાતાવરણ બનાવ્યું હતું. આ બધાના માર્ગમાં ગરીબી ક્યાંય ન નડી. ફક્ત કુપાત્રતા જ તેની આડમાં સંતાઈને બધે ગંદકી ફેલાવે છે તથા પતન અને પરાભવનું વાતાવરણ બનાવી મૂકતી હોય છે.

## ઉદારતા અપનાવવી જ રહી

શરીર ગમે તેટલું સુંદર હોય પણ તેની ઉપયોગિતા ત્યારે જ છે કે જ્યારે તેમાં પ્રાણ હોય. નિષ્પ્રાણ થતાં જ તેને ચાહનારાઓ પણ તેને ઉપાડીને દૂર લઈ જઈ તેનો નાશ કરી દે છે. સજ્જનતની સાથે શાલીનતા ન જોડાયેલી હોય તો, તે ગમે તેટલી ઉપયોગી અને જરૂરી હોવા છતાં તેની શોભા વધતી નથી કે તે શ્રેષ્ઠ સ્તરની બની શકતી નથી.

સંપત્તિથી સાધનો અને સગવડો ચોક્કસ વધે છે, પરંતુ જો તેનો સદુપયોગ કરવામાં ન આવે તો તલવાર રક્ષણ પણ કરી શકે છે એ પોતાની તથા અન્યની હત્યા પણ કરી શકે છે. ભૂતકાળમાં ફક્ત સંપત્તિના જ ગુણો ગાવામાં આવ્યા છે કે એનાથી જ વ્યક્તિની પ્રતિભા અને પ્રતિષ્ઠા વધે છે. આ માન્યતા પાયામાંથી જ ભ્રાંતિપૂર્ણ છે. જો એવું હોત તો ધનવાનો દ્વારા લોકકલ્યાણનાં શ્રેષ્ઠ કાર્યો થયાં હોત અને ગરીબી તથા પછાતપણાનું નામનિશાન જ રહ્યું ન હોત. જે ધનવાનો દ્વારા

સંગ્રહિત કરવામાં આવેલી સંપત્તિને સામાન્ય, ગરીબ, પછાત તથા અભાવગ્રસ્ત લોકોને ઊંચે લાવવામાં ખર્ચવામાં આવી હોત, તો સમગ્ર દુનિયાનો નકશો જ બદલાઈ ગયો હોત.

અત્યારે સંસારમાં એટલું બધું ધન છે કે જો તેને હળીમળીને ખાવામાં આવે તો બધા જ લોકો સુખ અને શાંતિથી રહી શકે તેમ છે તથા સંતોષપૂર્વક સર્વતોમુખી પ્રગતિ કરી શકે તેમ છે, પણ જો સંગ્રહિત સંપત્તિ વિલાસ તથા અહંકારનું પ્રદર્શન કરવામાં વપરાય તો સમજી લેવું જોઈએ કે તે ફક્ત વ્યર્થ જ નહીં જાય, પણ તે અનર્થ અને અવાંછનીયતાનું વાતાવરણ બનાવી મૂકશે. જો હાથી ઉપર અંકુશ ન રાખવામાં આવે તો ઊભાં ખેતરો, બાગબગીચાઓ તથા નાના છોડવા અને ઝૂંપડાંને ઉખાડીને ફેંકી દેતો આગળ ચાલ્યો જશે. એના ઝપાટામાં જે કંઈ ચડ્યું તેની ખેર નથી. સંપત્તિ પણ વિફરેલા હાથી જેવી છે. ઝરણાના પાણીને તેના માર્ગમાં રોકી દેવામાં આવે તો તેનું પરિણામ ભયંકર પૂર સ્વરૂપે આવશે.

અત્યારના વાતાવરણમાં ફક્ત એક જ મોટો અનર્થ દેખાઈ રહ્યો છે કે દરેક વ્યક્તિ પોતાની કમાણી અને પોતાના ઉત્પાદનને પોતાના જ માટે વાપરવા માગે છે. આ પોતાપણું પણ માત્ર વિલાસિતા અને અહંકારી ઠાઠમાઠ પૂરતું જ છે. આ પ્રણાલી જો ચાલુ જ રહી તો, આનું દુષ્પરિણામ આવનાર સમયમાં આનાથી પણ વધુ ભયંકર આવશે અને એક એકથી ચઢિયાતા અનર્થો સર્જાશે. પેટની પણ એક મર્યાદા છે. એની જરૂરિયાત સંતોષાઈ જતી હોય, છતાં બિનજરૂરી સંગ્રહ કરવામાં આવે તો તે વિગ્રહ ઊભો કર્યા વિના નહીં રહે. ઉપરથી ઊલટી, ઝાડા, પેટમાં દુ:ખાવો જેવા અનર્થો ઊભા કરશે. આ વાતને જો સમજી લેવામાં આવે તો એટલું તો ચોક્કસ નક્કી કરી શકાય કે ભલેને નીતિપૂર્વક પણ ગમે તેટલું કેમ કમાવામાં ન આવે, પણ તેનો ઉપયોગ સદ્પ્રવૃત્તિઓ વધારવામાં અને પ્રગતિના પથ પર આગળ વધવામાં જ કરવામાં આવે.

શક્તિની ગણતરીમાં ફક્ત પૈસા જ નહીં, સમર્થતા, યોગ્યતા, અભ્યાસ, કૌશલ્ય વગેરે વિભૂતિઓને પણ ગણવામાં આવે છે. આ બધું પણ અપરિગ્રહી નીતિવાનોની જેમ પતનને દૂર કરવામાં અને ઉત્કર્ષ વધારવામાં વપરાવું જોઈએ.

ભૌતિક ક્ષેત્રની ત્રિવિધ સંપત્તિઓને પ્રગતિનું માધ્યમ માનવામાં આવી છે. સમૃદ્ધિ, સમર્થતા તથા કુશળતાના આધારે વ્યક્તિ કે સમાજ પ્રગતિ સાધી શકે છે. આમાં કોઈ વાંધો પણ ન હોઈ શકે, છતાં શરત એટલી જ કે નૈતિકતા, સામાજિકતા અને સદ્ભાવનાનો અંકુશ ઢીલો પડવો જોઈએ નહીં. ભલેને વ્યક્તિ ગમે તેટલું કમાય, પણ એટલું ધ્યાન તો અવશ્ય રાખે કે તેમાં અનીતિ, કામચોરી અને હરામખોરીનું તો આવ્યું નથી ને અને જે કંઈ કમાયો હોય તે પોતાના માટે જ છે એવું પણ માની લેવું જોઈએ નહીં. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ. તેનો વિકાસ અને પ્રગતિ જનસહયોગના આધારે જ થાય છે. જ્યાંથી મેળવ્યું છે તેને પરત પણ આપી દેવું જોઈએ. નહીં તો લૂંટવામાં આવ્યું છે એમ જ કહેવાશે. પછી તો ઋણ ચૂકવવાનું, પરોપકાર કરવાનું કે કૃતજ્ઞતા દર્શાવવાનું બંધ જ થઈ જશે. આવી દશામાં સંસારમાં બે જ વર્ગ બાકી રહી જશે. એક શોષક અને બીજો શોષિત. પછી સહકારિતા તથા સમાનતાને સ્થાન જ નહીં રહે.

જો જીવનમાં ભાવસંવેદના તથા વૈચારિક ઉદારતાને સ્થાન નહીં હોય તો, સમર્થો સદાય અસમર્થોનું શોષણ કરતા રહેશે અને સર્વત્ર અરાજકતા વ્યાપેલી જોવા મળશે. મોટી માછલી નાની માછલીને ગળી જાય એ ન્યાય મનુષ્યો માટે પણ જો પરંપરા બની જશે તો પછી શ્રેષ્ઠતા માટે કોઈ અવકાશ નહીં રહે કે જે શ્રેષ્ઠતાના કારણે મનુષ્યને દેવત્વનો ઉત્તરાધિકારી તથા પ્રાણીઓમાં સૌથી શ્રેષ્ઠ સન્માનનો અધિકારી માનવામાં આવ્યો છે. 'બળિયાના બે ભાગ' અને જે 'કમાય તે જ ખાય'ની નીતિને જો માન્યતા મળી જાય તો પછી સમગ્ર સંસારમાં

અબોધ, અવિકસિત, અપંગ, અસહાય, નિર્બળ વગેરે વ્યક્તિઓને જીવતા રહેવાનો કોઈ હક નહીં રહે. આવી સ્થિતિમાં અર્થશાસ્ત્રના નિયમ મુજબ દુનિયાની અડધી પ્રજાએ આત્મહત્યા જ કરી લેવી પડે. પછી વૃદ્ધોને તો જીવવા દેવાય જ ક્યાંથી ? અને જો આવું બને તો આ સંસારમાં એક વરુ બીજા વરુને ફાડી ખાય તેવાં દૃશ્યો સર્વત્ર જોવા મળશે. એ વખતે આ સંસાર કેવો બીભત્સ બની જશે ?

ઘરમાં સમર્થ વ્યક્તિ કમાય છે. બાકીના બધા એ કમાણી ઉપર પોતાનો ગુજારો કરે છે. આ એક જવાબદારી છે, એટલું જ નહીં, પરંપરા અને ઉદારતા પણ છે. આને કહેવાય છે પુણ્ય-પરમાર્થ. આનાથી જ માનવીય ગરિમા વધે છે. પરિવારના બધા જ સભ્યો હળીમળીને ખાય તેમાં જ ગૌરવ છે અને સંપત્તિની સાર્થકતા પણ એમાં જ છે. પતિતોને ઊંચે લાવવા અને ઊભા થયેલાને આગળ વધારવામાં આ જ પ્રક્રિયા કામ લાગી શકે તેમ છે.

ભારતીય ધર્મપરંપરામાં ગોગ્રાસ, દૈનિક પંચયજ્ઞ, ઈસ્લામ ધર્મમાં જકાત, શીખ ધર્મમાં કડા-પ્રસાદ જેવાં વિધાનો દ્વારા દૈનિક અનુદાન કાઢવા માટેના ક્રિયાકલાપો નક્કી કરવામાં આવેલા છે. સમય સંપત્તિ છે અને સાધનોને પણ સંપત્તિ કહેવામાં આવે છે. આ બંને વૈભવો એવા છે, જે દરેકની પાસે ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. જો સુખ અને આનંદ હોય તો તો પૂછવું જ શું ? અછત અથવા મુશ્કેલીના સમયે પણ અંગત જરૂરિયાતોમાં કાપકૂપ કરીને પણ પરમાર્થ પ્રયોજનો માટે નિયમિતરૂપે અંશદાન આપતા રહેવું જોઈએ. આમાં કંજૂસાઈ કરવી તે માનવીય ગૌરવને કલંકિત કરે છે.

દાન ધર્મ પણ છે અને અધર્મ પણ છે, હથિયારથી પુણ્ય પણ કરી શકાય છે અને પાપ પણ કરી શકાય છે. વિચારશુદ્ધિમાં દાનની ભાવનાને જો ભાવસંવેદના અને વિચાર પરિષ્કારમાં લગાવવામાં આવે તો ચોક્કસ માની લેવું જોઈએ કે યુગધર્મનું પાલન અને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ

થઈને જ રહેશે. નહીં તો મૂર્ખાઓને પાખંડીઓ દાન, ધર્મ અને પુણ્યના નામે છેતરતા જ રહેશે. યાદ રાખવું જોઈએ કે ઉજ્જવળ ભવિષ્યની આ વિશાળ યોજના મનમાં આદર્શવાદી ભાવસંવેદનાઓ ભર્યા વિના કોઈ પણ હિસાબે સફળ થશે નહીં.

## મન બદલો તો પરિસ્થિતિ સ્વયં બદલાશે

આદિકાળથી સંસારમાં માન્યતાના બે પ્રવાહોનો સંઘર્ષ અવિરત રીતે ચાલ્યો આવે છે. એક વિચારધારા એમ માને છે કે સાધન અને સગવડોના લીધે જ પ્રસન્નતા અને પ્રગતિ સાધી શકાય છે. આનાથી બીજી વિચારધારા તદ્દન ઊલટી છે. એ માને છે કે મન જ પરિસ્થિતિઓને જન્મ આપે છે. મનના આધારે જ સાધનોનું ઉત્પાદન અને તેમનો સદુપયોગ કરી શકાય છે. તે ન હોય તો સાધનો પૂરતાં પ્રમાણમાં હોવા છતાં અભાવ અને અસંતોષ ઉભરાતો જોવા મળશે.

એક વિચારધારા એમ કહે છે કે જો મનને સાધી લેવામાં આવે તો નિર્વાહ માટેનાં સાધનોમાં ક્યારેય ઓછપ આવતી નથી. ક્યારેક જણાય તો પણ, તે અભાવની સાથે સંયમ, સહાનુભૂતિ, સંતોષ જેવા સદ્‌ગુણોનો સમાવેશ કરી લેવાથી જે કંઈ પ્રાપ્ત થયું હોય તેમાંથી ખૂબ જ સરળ રીતે કામ ચાલી જતું હોય છે. કોઈ તકલીફ પડતી નથી કે કોઈ કમી વરતાતી નથી. બીજી વિચારધારા એમ કહે છે કે જેટલાં વધારે સાધનો તેટલું વધારે સુખ. શક્તિ અને સંપત્તિ હોવાથી બીજા નિર્બળ લોકોનાં ઉત્પાદન અને અધિકારને હડપ કરીને મોજમજા કરી શકાય છે.

બંને વિચારધારાની પોતાની દલીલો, આધારો અને સાબિતીઓ છે. તેમનો ઉપયોગ પણ આદિકાળથી થતો આવ્યો છે, પણ મોટા ભાગના લોકો પોતપોતાની અલગ અલગ માન્યતાઓ અપનાવતા હોય છે. આજ સુધી એવો પ્રસંગ આવ્યો નથી કે લોકોએ એક સર્વસંમત માન્યતા અપનાવી હોય. પોતપોતાના પક્ષની માન્યતા માટે જડ અને જિદ્દી વલણ

અપનાવવાના કારણે તેમની વચ્ચે વારંવાર ઝઘડા પણ થતા રહ્યા છે. આને દેવાસુર સંગ્રામના નામથી ઓળખવામાં આવે છે. પદાર્થ જ બધું છે- એવી માન્યતા દૈત્ય પક્ષની છે. તેઓ ભાવનાઓને ભ્રાંતિ અને પ્રત્યક્ષને પ્રામાણિક માને છે. દેવપક્ષ, ભાવનાઓને મુખ્ય તથા પદાર્થોને ગૌણ માને છે. દર્શનશાસ્ત્રના આધારે આને ભૌતિકતા અને આધ્યાત્મિકતા એવાં નામ આપવામાં આવ્યાં છે. હઠવાદીઓએ પોતાપોતાના પક્ષની માન્યતા ઉપર અડગ રહેવા માટે સમજાવ્યું છે.

આ દ્વંદ્વ સદાય ચાલતો રહ્યો છે, છતાં દેવતાઓ તો એક યા બીજી રીતે સંતુષ્ટ બની શક્યા છે અને અમુક મર્યાદા સુધી સમજૂતી કરી શક્યા છે, પરંતુ દૈત્ય લોકો તો સદાય ઝઘડામાં જ ફસાયેલા રહ્યા છે. આ લોકો ફક્ત દેવતાઓ જોડે જ લડતા રહ્યા છે એવું પણ નથી. તેઓ તો લેવડ-દેવડમાં પોતાના પક્ષના લોકો સાથે પણ લડ્યા છે. અનીતિથી મેળવેલી ઉપલબ્ધિઓ પોતાના સાથીદારોને પણ ચેનથી બેસવા દેતી નથી. લૂંટી લાવેલી સંપત્તિમાંથી વધારે પડતું મેળવવાની વૃત્તિના કારણે હંમેશાં અંદરોઅંદર ઝઘડા કરતા જ રહ્યા છે.

જો એમને એવી સમજ આવી હોત કે આ સુવિસ્તૃત કુદરતના ખોળામાં જરૂરિયાત મુજબનાં સાધનો પૂરતા પ્રમાણમાં છે. તો હળીમળીને તેમનો ઉપયોગ કરવાનું કેમ વિચારી ન શકાય ? આવું થયું હોત તો સારું, પરંતુ દુર્બુદ્ધિ કહેવાતા સમજદારોને આવું ક્યાં સમજવા દે છે ? અભાવગ્રસ્તો તો હજુ સમજી લે છે, પણ સમર્થ અને સશક્ત લોકો આવું ક્યાં વિચારે છે ? તેઓ તો મદોન્મત હાથીની જેમ લડે છે અને પોતાના ક્ષેત્રની સમસ્ત હરિયાળીને રગદોળીને, તોડી-ફોડીને ભોંય ભેગી કરી નાખે છે. તેઓ એવી સ્થિતિનું નિર્માણ કરી મૂકે છે, જેનાથી ફક્ત અપયશ મેળવે છે અને આત્મતિરસ્કારની આગમાં બળતા રહે છે અને વાતાવરણને દૂષિત બનાવી દે છે. નથી તેઓ ચેનથી બેસતા કે નથી બીજા કોઈને ચેનથી બેસવા દેતા.

હળીમળીને ખાવા જેટલાં સાધનો અને સગવડો, કુદરત આદિકાળથી ઉત્પન્ન કરતી રહી છે અને ભવિષ્યમાં પણ કરતી રહેશે, પરંતુ સમગ્ર સંસારની તમામ સાધનસંપત્તિ મારી પાસે જ આવી જાય અને વધુને વધુ મેળવતો રહું એવી પ્રબળ ભૂખ લાગી હોય ત્યાં શું કહેવું ? વધુને વધુ મેળવવાની ઝંખના પ્રબળ બનતી જાય છે. જોકે ચંદ્રમા આકાશમાંથી ઊતરીને કોઈના આંગણામાં નથી તો રમવા ગયો કે ભવિષ્યમાં પણ રમવા નહીં આવે, તેમ છતાં અબોધ બાળક તેને મેળવવા પ્રયત્ન કરે તો શું થાય ? કાં તો તે હેરાન થાય અથવા તો ઘરવાળાં પર ખીજાય. ક્યારેક આકાશ ચંદ્રને મેળવવા જોરજોરથી લાતો મારે યા તો ચંદ્રને ધરાશાયી કરવા રૌદ્રરૂપ ધારણ કરે તો પણ શું ?

એને સમજવા-સમજાવવા સિવાય બીજો કોઈ રસ્તો પણ નથી. પોતાનો વિચાર બદલી હોવાથી આકુળવ્યાકુળ કરનારી આ સમસ્યા હલ કરી શકાય તેમ છે. રંગીન ચશ્મા પહેરવાથી સમગ્ર જગત રંગીન દેખાવા લાગે છે. હવે આ ગરબડમાંથી બહાર નીકળવું હોય અને જે-તે વસ્તુને તેના મૂળ સ્વરૂપમાં જોવી હોય તો ચશ્મા ઉતારી લેવા સિવાય બીજો કોઈ રસ્તો જ નથી. પોતાના શરીરથી માંડીને સમગ્ર સંસારમાં રહેતાં પ્રાણીઓ તથા પદાર્થો સુધી પ્રકૃતિનો સુવિસ્તૃત વૈભવ વેરાયેલો પડ્યો છે. એમાંથી આપણો આપણો અધિકાર, નિર્વાહ ચલાવી શકાય તેટલા પર જ છે. આનાથી વધારાનું જે કંઈ છે તે આ સૃષ્ટિના રહેવાસીઓ તથા જડચેતન ઘટકો માટે છે. સૌ કોઈ પોતપોતાના ભાગે આવતું મેળવે અને એમાં સંતોષ અનુભવે તો સારાં બાળકોની જેમ પોતપોતાનાં અરમાનો પૂરાં કરતાં હસતું-કૂદતું જીવન વ્યતીત કરી શકે છે, પણ જ્યારે તેઓ એકબીજાનો હક પડાવી લેવા માટે ઉદ્દંડ અને આક્રમણખોર બને છે ત્યારે અંદરોઅંદરની સદ્‌ભાવના તો ગુમાવે જ છે, પણ સાથે સાથે વડીલોનો માર પણ ખાય છે. આપણે આવાં ખરાબ બાળકો બનવું જોઈએ નહીં. સમજદારી, જવાબદારી, ઈમાનદારી તથા બહાદુરી જેવા ગુણો અપનાવી

ઈશ્વરદત્ત ઉપલબ્ધિઓનું ન્યાયોચિત વિતરણ તથા વિભાજન કરવું જોઈએ અને તેનો સંપૂર્ણ સદુપયોગ કરવો જોઈએ. અનુશાસનનું પાલન કરવામાં જ સભ્યતા સમાયેલી છે. નીતિમત્તાની સાથે, બીજાંઓની સાથે ઉદારતાપૂર્વક વ્યવહાર કરો. આ જ માનવીય ગૌરવની સાથે જોડાયેલો સભ્ય શિષ્ટાચાર છે. આની સાથે બાળકો, ઘરડાંઓ તથા અશક્તોની સારસંભાળ લેવી તેમ જ તેમનું ભરણપોષણ કરવું એ પ્રાથમિક કર્તવ્ય બની જાય છે. આના પછી જ પોતાના મોજશોખ માટે આગળ વધવું જોઈએ. જેઓને ફક્ત પોતાનું પેટ જ દેખાય છે તેઓ ઉદારતા બતાવવાના બદલે નિષ્ઠુરતા બતાવવામાં જ લાગેલા હોય છે. એવા માણસોને બીજાઓના અધિકારો છીનવી લેવામાં શરમ, સંકોચ કે ભય જેવું કશું જ લાગતું નથી. આવી જડતા અપનાવનારને માનવી કહેતાં પણ શરમ આવે છે.

અત્યારે સર્વત્ર દૈત્યોની જ બોલબાલા છે. દરેકને માત્ર ખાવાનો જ નહીં, વેડફી નાખવાનો, બરબાદ કરવાનો પણ ચસકો લાગ્યો છે. સાધનો ઝૂંટવી લેવાં 'સુંદ-ઉપસુંદ' નામના દૈત્યોની જેમ પરસ્પર લડી રહ્યા છે. કાપાકૂપી કરી રહ્યા છે. જો આ ખોટા દૃષ્ટિકોણને બદલે પછાત, અભાવગ્રસ્ત અને અશક્તોને આગળ લાવીને એમના હકો એમને સ્વેચ્છાપૂર્વક આપી દીધા હોત તો, આ સંસારમાં કેટલું સુખ, સંતોષ અને આનંદ વ્યાપ્યો હોત ? જો આત્માનુશાસન પાળવામાં આવ્યું હોત, સંયમ રાખવામાં આવ્યો હોત અને અનિવાર્ય એવી જરૂરિયાતોથી કામ ચલાવી લેવામાં આવ્યું હોત, તો એનો પ્રભાવ અનેરો જ હોત. મનુષ્ય પોતાની બચતને સત્પ્રવૃત્તિ વધારવામાં અને વિભૂતિઓને લોક-કલ્યાણના કાર્યમાં વાપરવાના નિર્ણય પર આવ્યો હોત તો અત્યારના સમયને કળિયુગ કહેવાને બદલે સત્યુગ અથવા સ્વર્ગીયયુગ કહેવામાં કોઈ વાંધો ન આવત.

## પરિવર્તનનો ઉપાય શોધો

સ્વર્ગ અને નરકની દીવાલો એકબીજા સાથે જોડાયેલી છે. ઘર એક જ છે. એમાં જો એક દરવાજેથી અંદર દાખલ થવામાં આવે તો ગંદકીથી ભરેલી નરકની ઓરડીમાં જવાય છે, પણ જો બીજા દરવાજેથી અંદર જવામાં આવે તો અંદર સ્વચ્છતા, સજાવટ અને સુગંધનું વાતાવરણ જોવા મળે છે.

આપણે જ્યારે અંદરોઅંદર લડવા અને એકબીજાનું હડપ કરી લેવા તૈયાર થઈએ છીએ ત્યારે અનીતિજન્ય આત્મતિરસ્કાર સહન કરવો પડે છે. બાહ્યતિરસ્કારને તો સહન કરી શકાય છે, પણ જ્યારે અંતરાત્મા કચવાય છે ત્યારે તેને સહી લેવું ખૂબ અઘરું પડે છે. પગમાં લાગેલી ઠોકર કે હાથ ઉપર વાગેલી લાઠી એટલી અસહ્ય નથી, જેટલો એપેન્ડિસાઈટીસ અને હાર્ટએટેકનો રોગ અસહ્ય હોય છે. આનાથી આદમી તદ્દન લેવાઈ જાય છે.

માનવીય ગૌરવને ગુમાવીને, તે એવું કશું જ કરી શકતો નથી કે જેનાથી સંતોષ, ગર્વ તથા પ્રસન્નતા અનુભવી શકે અને માનવ સમુદાયની સામે માથું ઊંચું કરીને ગૌરવભેર ચાલી શકે. બહારના વરસાદથી તો છત્રી ઓઢીને પણ બચી શકાય છે, પણ અંદર વરસાદની ઝડી વરસતી હોય તો કેવી રીતે બચાય ? પૃથ્વી ઉપર નરકીટક, નરપશુ તથા નરપિશાચ પણ રહે છે. દેખાવમાં તો તેઓ પણ મનુષ્ય જેવા જ હોય છે, પણ બંને વચ્ચેનું અંતર તો તેમની આદતો તથા સ્વભાવ જોઈને જ જાણી શકાય છે.

તદ્દન હલકા સ્તરમાં ગણનાર પશુપક્ષીઓને કોઈ જ નીતિ કે મર્યાદા હોતી નથી. ગીધ, કાગડો તથા શિયાળ કોઈ પણ ભક્ષ્ય કે અભક્ષ્ય વસ્તુઓ નિઃસંકોચપણે ખાય છે. કૂતરાં અને ગધેડાં પત્ની અને બહેનમાં કોઈ ભેદ જોતાં નથી અને જાહેરમાં કામક્રીડા કરતાં તેમને કોઈ શરમ નથી આવતી. આ પ્રાણીઓ ગમે ત્યાં પેશાબપાણી કરે છે. તેઓ ગમે તેના

ખેતરમાં ઘૂસી શકે છે. નાનકડાં જીવજંતુઓને મોટાં જંતુઓ, બગલા જેવાં પક્ષીઓ જળજંતુઓને કોઈપણ જાતની દયા કે સંકોચ વગર ગળી જતાં હોય છે. આ એક નિરાળી દુનિયા છે અને દરેકને તેની મર્યાદાઓ પણ છે, પણ મનુષ્ય તો આનાથી કંઈક વિશેષ ઉપલબ્ધિઓ લઈને જન્મ્યો છે. એના ગૌરવને સૃષ્ટિમાં સર્વોચ્ચ ઠરાવવામાં આવ્યું છે. આવી દશામાં મનુષ્યના માથે કેટલીક વિશેષ જવાબદારીઓ પણ મૂકવામાં આવી છે તથા કડક મર્યાદાઓનું પાલન કરવું તેમ જ અનુશાસનમાં રહેવું આવશ્યક બની જાય છે.

કોઈની પાસે તલવાર હોવાનો અર્થ એ નથી થતો કે તે ગમે ત્યાં કત્લેઆમ ચલાવી શકે. વધારે પડતી બુદ્ધિનો અર્થ એવો નથી કે તેનાથી સંસારની સુવ્યવસ્થાને બરબાદ કરી મૂકે. અનીતિ કરવા માટે તેને સ્વેચ્છાચારનું લાઈસન્સ મળેલું હોતું નથી. આ પ્રકારની હોશિયારી અપનાવી લેવાનું પરિણામ એ તો ન જ હોઈ શકે કે આત્મા તથા પરમાત્માની આંખમાં ધૂળ નાખીને, અહંકારના મદમાં ફુલાઈને પોતાનાં કુકર્મો દ્વારા વાતાવરણને ઉદ્વેગ અને અનાચારથી ભરી દે.

આંખ ખોલીને જયાં પણ જોવામાં આવે છે ત્યાં મુસીબતો, મુશ્કેલીઓ, ઝઘડા, વિદ્રોહ તથા સમસ્યાઓનાં ઘનઘોર વાદળો છવાયેલાં જોવા મળે છે. આશ્ચર્ય એ વાતનું થાય છે કે જે કુદરતનું ધાવણ ધાવીને તેના ખોળામાં આનંદપ્રમોદ કરી રહ્યા છીએ, એ માતાની જ ગરદન કાપી નાખવા આપણે તૈયાર થયા છીએ. જયાંથી આપણે અન્નજળ મેળવીએ છીએ, જે વનસંપત્તિ સાથે આપણો સંબંધ સહોદર ભાઈ જેવો છે. તેને જો આ રીતે કાપતા રહીશું, નષ્ટ કરતા રહીશું તો આપણું જીવન લકવાવાળા શરીર જેવું બની જશે. જળસંપત્તિને ઝેરથી ભરી દેતાં કારખાનાં પાણીને પીવાલાયક રહેવા દેશે કે કેમ ? આકાશમાં પ્રદૂષણ વ્યાપી ગયું છે. વાયુમંડળ વિક્ષુબ્ધ બન્યું છે. વિકિરણ અને કોલાહલથી વાતાવરણ દૂષિત થઈ ગયું છે. આનાથી પૃથ્વીનું રક્ષાકવચ ફાટવા લાગ્યું

છે. વધતું જતું તાપમાન બર્ફિલા વિસ્તારને પિગળાવીને સમુદ્રોમાં ભયંકર પૂર લાવી દેશે. પરિણામે અત્યારે જમીનનો જે ભાગ બચ્યો છે તે પણ આમાં ડૂબી જશે.

વીંછીની બાબતમાં એવી માન્યતા છે કે એનાં બચ્ચાં માતાનું પેટ ખાઈ લીધા પછી જ બહાર આવે છે. શું મનુષ્યે તો વીંછીની રીત નથી અપનાવીને કે તે આ પ્રકૃતિનો સર્વનાશ કરવા તૈયાર થયો છે ? આ પ્રકૃતિ તો મનુષ્યના જીવનનો આધાર છે. શું ક્રોધિત થયેલી પ્રકૃતિ બદલો નહીં લે ? અણુશસ્ત્રોના બદલે પ્રકૃતિ જ સર્વનાશ કે મહાપ્રલય જેવું વાતાવરણ તો નહીં કરી મૂકેને ? આ બધું વિચારવાની કોઈને ફુરસદ જ ક્યાં છે ?

મનુષ્યનો મનુષ્ય પ્રત્યેનો વ્યવહાર ખૂબ જ નિમ્ન સ્તરનો બની ગયો છે. તેમને પોતાની સત્તા અને મહત્તાને ફૂલઝડીની જેમ સળગાવવાનું કૌતુક અપનાવી લીધું છે. આનાથી એવું લાગી રહ્યું છે કે આ સુંદર ધરતી ઉપર રહેતા હોવા છતાં આપણે ભૂતપિશાચોની જેમ એકબીજાને કાપવા અને મારવા તથા સળગાવવા તૈયાર થયા છીએ. પરિણામે પરસ્પર સહયોગ પેદા થવાને બદલે અવિશ્વાસનું ભયંકર વાતાવરણ પેદા થયું છે, જેમાં પોતાને પોતાનો પડછાયાનો પણ ભય લાગવા માંડ્યો છે. વિશ્વાસ અને વિશ્વાસઘાત બંને એકબીજાની સાથે મળીને ચાલવા લાગ્યા છે. અસંયમની અતિશયતાના કારણે શરીર શારીરિક અને માનસિક દૃષ્ટિએ નિર્બળ બની ગયું છે. ધનને એટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું છે કે તેને મેળવવા માટે ગમે તેની સાથે ગમે તેટલી દુષ્ટતા અપનાવવી પડે તો અપનાવી લેવી. આવા અનાચારી વાતાવરણમાં શું શરીર, મસ્તિષ્ક, પરિવાર અને સમાજ સમુન્નત રહી શકે ખરાં ? એની આશા જ છોડી દેવી જોઈએ.

ખૂબ જ વિકટ સમય આવી રહ્યો છે અને વધતું જતું આ માનવીય પાગલપણું માત્ર માનવતાનો જ નહીં, કુદરતી સત્તાનો પણ નાશ કરીને

જ રહેશે. શું આવનાર સમયમાં આપણે સૌ સામૂહિક આત્મહત્યાની તૈયારી જ કરીશું ?

પરિસ્થિતિને કેવી રીતે બદલી શકાય ? આના માટે વિવિધ પ્રકારનાં સાધનો, ઉત્પાદનો તથા ઉપકરણો અને નિર્ણયોની બાબતમાં વિચારી શકાય. વૈજ્ઞાનિકો, વિદ્વાનો, શાસકો, સમર્થ લોકો વગેરે પોતપોતાની રીતે આ પણ વિચારે છે કે ઉપરોક્ત અનર્થોને સંરચનામાં બદલી દેવા હોય તો તેના માટે વિશાળ સાધનો અને મોટા મોટા ઉપાયો શોધવા પડે. અત્યારે આવી યોજનાઓ વિશે સાંભળવા પણ મળી રહ્યું છે અને બતાવવામાં પણ આવી રહ્યું છે કે સાધનસંપન્ન લોકો સંસારનું નિર્માણ કરવા માટે મોટાં આયોજનો બનાવી રહ્યાં છે. આમ છતાં નિરાશા દૂર થવાનું એક પણ કિરણ દેખાતું નથી, કારણ કે મનની દશા જ પરિસ્થિતિની જન્મદાત્રી છે. જો માનસિકતા આદર્શવાદી બનાવવામાં ન આવે તો પરિસ્થિતિ સુધરવાને બદલે વધારે જટિલ બનશે અને અનેક મુસીબતો સામે આવીને ઊભી રહેશે. તે વધુને વધુ રૌદ્ર રૂપ ધારણ કરતી દેખાશે. સમસ્યાઓનું સમાધાન ભલે આજે થાય કે હજાર વર્ષ પછી થાય, પણ તેના સમાધાનનો ફક્ત એક જ ઉપાય છે અને તે છે મનમાં વ્યાપેલી, ઘર કરી ગયેલી અવાંછનીયતાને, નિકૃષ્ટ મનોવૃત્તિને બહાર કાઢી નાખવામાં આવે તથા એવું તો શક્તિશાળી ચિંતન ભરવામાં આવે કે આજની ઊલટી વિચારધારાને પોતાની પ્રચંડ શક્તિથી બદલીને સીધી કરવામાં આવે.

• • • • • • • • • • • •

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.